# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### ખેડા જિલ્લાના 16 અધિકારી અને એજન્સીઓ સામે નડિયાદ કોર્ટમાં કાયદાકીય જંગ

# ખેડાના માર્ગોમાં 5.49 કરોડનો ડામર ગાયબ !

**હલકી કક્ષાના** મટિરિયલથી રસ્તા બનાવી 'કટકી' કરવા બદલ દાવો

**જવાબદાર** કોન્ટ્રાક્ટરોને બ્લેક લિસ્ટ કરવાની માંગણી

(પ્રતિનિધિ) નડિયાદ તા.21

ખેડા જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગમાં ચાલતા ભ્રષ્ટાચારનો મોટો પર્દાફાશ થયો છે. સરકારી ધારાધોરણોનો ઉલાળિયો કરી, હલકી કક્ષાનું મટિરિયલ વાપરીને આચરવામાં આવેલા રૂ. 5 કરોડ 49 લાખના કૌભાંડ મામલે નડિયાદની કોર્ટમાં સિવિલ દાવો દાખલ કરવામાં આવ્યો છે. નડિયાદના એક જાગૃત નાગરિક દ્વારા કરવામાં આવેલી આ કાયદાકીય કાર્યવાહીને પગલે ભ્રષ્ટ અધિકારીઓ અને મિલીભગત રાખતા કોન્ટ્રાક્ટરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

નડિયાદમાં રહેતા શૈલેષકુમાર વિઠ્ઠલભાઈ પટેલે પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજની કોર્ટમાં રજૂઆત કરી છે કે, ગુજરાત સરકાર દ્વારા લોકોની સુવિધા માટે મંજૂર થયેલા રસ્તાના કામોમાં મોટા પાયે ગેરરીતિ આચરવામાં આવી છે. અરજીમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે સરકારી ધોરણો મુજબ સિમેન્ટ, રેતી અને કપચીનો ઉપયોગ કરવાને બદલે અત્યંત નબળી ગુણવત્તાનું કામ કરીને લાખો રૂપિયાની કટકી કરવામાં આવી છે. આ કૌભાંડમાં કાર્યપાલક ઈજનેરથી લઈને કોન્ટ્રાક્ટરોએ એકબીજાના મેળાપીપણામાં ગુનાહિત કાવતરું રચ્યું હોવાનું પણ બહાર આવ્યું છે.

આ અંગે ફરિયાદી શૈલેષ પટેલે કોર્ટમાં જણાવ્યું છે કે, તેઓ આ વિવાદિત રસ્તાઓની મજબૂતાઈ ચકાસવા માટે પોતાના ખર્ચે ગાંધીનગર ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) દ્વારા વૈજ્ઞાનિક તપાસ કરાવવા તૈયાર છે.

આ માટે તેમણે કોર્ટ પાસે જરૂરી હુકમ કરવાની માંગ કરી છે. નોંધનીય છે કે, દાવો કરતા પહેલા તમામ અધિકારીઓને નોટિસ આપવામાં આવી હતી, પરંતુ 60 દિવસ સુધી કોઈ જવાબ ન મળતા આખરે કોર્ટના દ્વાર ખખડાવવામાં આવ્યા છે.

આ સમગ્ર મામલે ફરિયાદીએ નક્કર પુરાવાઓ સાથે રજૂઆત કરતા ખેડા જિલ્લાના રાજકીય અને વહીવટી વર્તુળોમાં ભારે ચકચાર જાગી છે. હવે જોવાનું એ રહેશે કે કોર્ટ આ ગંભીર ભ્રષ્ટાચારના મામલે કેવા આકરા પગલાં લે છે ? જેના પર સૌની નજર છે.

**આ અધિકારીઓ અને એજન્સીઓ સામે દાવો**

- **અધિકારીઓ:** ખેડા જિલ્લા વિકાસ અધિકારી, કલેક્ટર, માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર, નાયબ કાર્યપાલક ઈજનેર અને મદદનીશ ઈજનેર.
- **એજન્સીઓ:** ભવાની કન્સ્ટ્રક્શન (દાહોદ), એલ.જી. ચૌધરી (અમદાવાદ), આકૃતિ કન્સ્ટ્રક્શન, મારુતિ કન્સ્ટ્રક્શન, નરેશકુમાર અગ્રવાલ (પાટણ), દવે કન્સ્ટ્રક્શન (નડિયાદ), નીલકંઠ કંપની, પ્રિન્સ કન્સ્ટ્રક્શન (કપડવંજ), યુનિવર્સલ કન્સ્ટ્રક્શન (વડોદરા) અને એન.ડી. પટેલ એન્ડ કંપની (અમરેલી).

**અધિકારીઓને પાણીચું આપવા માંગ**

- **કૌભાંડની રકમ:** રૂ. 5,49,00,000 વ્યાજ સાથે પરત અપાવવા માંગ.
- **કોર્ટ ફી:** ફરિયાદીએ રૂ. 75,000 ની સ્ટેમ્પ ડ્યુટી ભરીને દાવો કર્યો.
- **મુખ્ય માંગણી:** ભ્રષ્ટ અધિકારીઓને નોકરીમાંથી ડિસ્મિસ કરવા અને એજન્સીઓને કાયમી બ્લેક લિસ્ટ કરવી.

### આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ અને ખેતીવાડી વિભાગનો દરોડો

# આણંદ નજીક નકલી ખાતર બનાવવાનું કૌભાંડ ઝડપાયું

**લેબોરેટરી** રિપોર્ટમાં પોટેશિયમની માત્રા શૂન્ય મળી

**વડોદની** ફેક્ટરી સીલ કરી 18 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.21

આણંદ એસઓજી પોલીસ અને ખેતીવાડી અધિકારીની ટીમે એક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને વડોદ-નાપાડ રોડ પર બળિયાદેવ મંદિર પાસે આવેલી એક તમાકુની ખરીમાં ચાલતા નકલી ખાતરના મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ સમગ્ર કૌભાંડ મામલે કૃષિ ભારતી ફર્ટિલાઈઝર ઈન્ડસ્ટ્રીઝ અને તેના સંચાલક રઘુવીર મનસુખભાઈ સોલંકી (રહે. ભાવનગર) વિરુદ્ધ વાસદ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપને મળેલી ચોક્કસ બાતમીના આધારે ફર્ટિલાઈઝર ઈન્સ્પેક્ટર અને ખેતી અધિકારી પાર્થિક પટેલે પોલીસ ટીમ સાથે ૨૦મી એપ્રિલના રોજ દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ગોડાઉનમાં મજૂરો જુદા-જુદા પદાર્થો ભેગા કરી ખાતરની બેગમાં ભરતા રંગેહાથ ઝડપાયા હતા. સ્થળ પરથી 'Potash' લખેલી ૨૦૪ ભરેલી બેગ અને ૨,૭૫૦ ખાલી બેગ મળી આવી હતી. ખેડૂતો છેતરાય તે રીતે બેગ પર મોટા અક્ષરે 'પોટાશ' અને નીચે નાના અક્ષરે 'ઓર્ગેનિક મેન્યુઅર' લખેલું હતું.

આ શંકાસ્પદ જથ્થાના નમૂના લઈ નડિયાદ અને ગાંધીનગરની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા, જેમાં વોટર સોલ્યુબલ પોટેશિયમની હાજરી બિલકુલ શૂન્ય માલુમ પડી હતી. આ ઉપરાંત, ઓર્ગેનિક મેન્યુઅરના ધારાધોરણો પણ અત્યંત હલકી ગુણવત્તાના સાબિત થયા હતા.

આ તપાસમાં ખુલ્યું હતું કે, આ પેઢી પાસે માત્ર બોરસદનું હોલસેલ વેચાણનું લાયસન્સ હતું, પરંતુ તે નિયમોનું ઉલ્લંઘન કરીને વડોદ ખાતે અલગ જ જગ્યાએ ગેરકાયદે ઉત્પાદન પ્રવૃત્તિ ચલાવતી હતી. સરકારી તંત્રે ગોડાઉનને સીલ મારી દીધું છે અને ટ્રક સહિત 18.02 લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

### આણંદમાં કાળઝાળ ગરમી વચ્ચે ફૂડ સેફ્ટી વિભાગની લાલ આંખ

# બરફ ગોળા અને શેરડીના રસ સહિત ૯૩ સ્થળે નમૂના લેવાયા

**ખાણી-પીણીના** એકમોમાં સઘન તપાસ કરીને બિન-આરોગ્યપ્રદ જથ્થાનો સ્થળ પર નાશ કરાયો

(પ્રતિનિધિ) આણંદ તા.21

આણંદ જિલ્લામાં હાલમાં ચાલી રહેલી ઉનાળાની કાળઝાળ ગરમીની સીઝનને ધ્યાનમાં રાખીને નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા જિલ્લાભરમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ આકસ્મિક તપાસ ઝુંબેશ અંતર્ગત વિભાગની ટીમ દ્વારા વિવિધ સ્થળોએથી કુલ ૯૩ જેટલા શંકાસ્પદ ખાદ્યચીજોના નમૂના લેવામાં આવ્યા છે.

આણંદ ફુડ વિભાગની તપાસ દરમિયાન ખાસ કરીને ગરમીમાં વધુ વપરાતા બરફ ગોળા, બરફ અને શેરડીના રસના ૧૭ નમૂના, સ્પાઈસીસ પ્રોડક્ટના ૩૧, દૂધ અને તેની બનાવટોના ૨ તેમજ ખાદ્યતેલ અને અન્ય ચીજોના સેમ્પલ મેળવીને પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. આ રિપોર્ટ આવ્યા બાદ સંબંધિત એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ તપાસ દરમિયાન માનવ સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે તેવો બિન-આરોગ્યપ્રદ અને કલરયુક્ત ખાદ્યસામગ્રીનો જથ્થો સ્થળ પર જ નાશ કરાયો હતો. જેમાં ૧૦ લીટર કલરવાળી ચાસણી, ૪ કિલો પકોડીનો માવો, ૩ લીટર પાણીપુરીનું કલરયુક્ત પાણી અને ૫ લીટર શંકાસ્પદ કુકિંગ ઓઈલનો સમાવેશ થાય છે.

વધુમાં, 'ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ' વાન દ્વારા પાણીપુરી વેચતા સ્ટ્રીટ ફૂડ વેન્ડર્સ પર પણ વ્યાપક તપાસ કરવામાં આવી હતી. તમામ ફૂડ બિઝનેસ ઓપરેટરોને ફરજિયાત એપ્રોન, કેપ અને ગ્લોઝ પહેરવા તથા સ્વચ્છતા (હાઈજીન) જાળવવા માટે કડક તાકીદ કરવામાં આવી હોવાનું ડેઝીગ્નેટેડ ઓફિસરની યાદીમાં જણાવાયું છે.

### આણંદ રેલ્વે સ્ટેશન પર મુસાફરનું ખિસ્સુ કપાયું

(પ્રતિનિધિ) આણંદ તા.21

વસો તાલુકાના પેટલી ગામના સાદિકમહંમદ સિકંદરભાઈ વ્હોરા ૨૦મી મે, ૨૦૨૬ના રોજ આણંદથી આંધ્રપ્રદેશના નેલ્લુર જવા માટે નીકળ્યા હતા. બપોરે પ્લેટફોર્મ નંબર ૦૪ પર જોધપુર-બેંગ્લુરુ એક્સપ્રેસ આવતા તેઓ જનરલ ડબ્બામાં ચઢવા જઈ રહ્યા હતા, ત્યારે ભીડમાં કોઈ અજાણ્યા શખ્સે તેમના ઝભ્ભાના ખિસ્સામાંથી પર્સ ચોરી લીધું હતું. ટ્રેનમાં ચઢ્યા બાદ તેમને પર્સ ગાયબ હોવાની જાણ થઈ હતી. આ પર્સમાં રોકડ રકમ ઉપરાંત આધારકાર્ડ, પાનકાર્ડ, ચૂંટણીકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, વિવિધ બેંકોના એટીએમ કાર્ડ તેમજ ઈક્કો ગાડી અને મોટરસાયકલની આર.સી. બુક જેવા અત્યંત મહત્વના દસ્તાવેજો હતા. આ મામલે રેલ્વે પોલીસે અજાણ્યા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

# નડિયાદના મેયરની વરણી માટે 26મીએ મુહૂર્ત

**ભાજપ દ્વારા વ્હિપ** જાહેર કરી મેયર અને ડેપ્યુટી મેયર સહિતના હોદ્દેદારોના નામ પર મહોર મરાશે



(પ્રતિનિધિ) નડિયાદ, તા.21

નડિયાદ મહાનગરપાલિકાની રચના બાદ હવે શહેરને તેના પ્રથમ મેયર (પ્રથમ નાગરિક) મળવા જઈ રહ્યા છે. આગામી 26 મે ના રોજ મહાનગરપાલિકાના પ્રથમ મેયર અને ડેપ્યુટી મેયરની પસંદગી માટેની સત્તાવાર ચૂંટણી યોજાશે. આ અંગેની વહીવટી પ્રક્રિયા તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે, જેને લઈને સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.

નડિયાદ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ 52 માંથી 51 બેઠકો જીતીને ઐતિહાસિક અને એકહથ્થુ બહુમતી મેળવી છે. વિપક્ષ પાસે માત્ર 1 બેઠક હોવાથી સત્તા પક્ષ માટે તમામ મહત્વના પદો પર વરણીનો માર્ગ મોકળો બન્યો છે. પક્ષ દ્વારા આ ચૂંટણી માટે વ્હિપ જાહેર કરવામાં આવશે અને હાઈકમાન્ડ દ્વારા નક્કી કરાયેલા નામો મુજબ જ મેયર, ડેપ્યુટી મેયર તેમજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિતના હોદ્દેદારોની સત્તાવાર જાહેરાત કરાશે.

આ નવનિયુક્ત શાસકો માટે નડિયાદના વિકાસની મહત્વકાંક્ષી યોજનાઓ અને પ્રાથમિક સુવિધાઓના પડકારો મુખ્ય રહેશે. શહેરના વિકાસને નવી ગતિ આપવા માટે મહાનગરપાલિકાનું માળખું હવે સક્રિય થવા જઈ રહ્યું છે, ત્યારે પ્રથમ મેયર તરીકે કોના નામ પર પસંદગીનો કળશ ઢોળાય છે તે જાણવા નડિયાદના લોકોમાં ભારે કુતૂહલ પ્રવર્તી રહ્યું છે.

### પેટલાદના અરડીમાં જુગાર રમતાં 6 ઝબ્બે

(પ્રતિનિધિ) આણંદ તા.21

પેટલાદના અરડી ગામમાં જાહેરમાં જુગાર રમતાં છ શખસને મહેળાવ પોલીસે રંગેહાથ પકડી પાડી જુગાર ધારા હેઠળ ગુનો નોંધ્યો હતો.

મહેળાવ પોલીસે અરડી ગામમાં આંગણવાડી પાસેના ખુલ્લા ચોકમાં રેઈડ કરી હતી. ત્યાં ગોળ કુંડાળું વળી જુગાર રમી રહેલા છ ઈસમો - મહેન્દ્ર ઉર્ફે મનુ સોલંકી, નગીન સોલંકી, હિતેશ, મનહર ઉર્ફે ટીનો સોલંકી, બિપિન રોહિત અને નટુ સોલંકીને પોલીસે કોર્ડન કરીને પકડી પાડ્યા હતા. પોલીસને આરોપીઓ પાસેથી રોકડા ૨,૮૮૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ બંને કિસ્સાઓમાં પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

### મંગેતરને વીડિયો કોલ કરી અપહરણકર્તાઓએ આપી ધમકી

# નડિયાદ : નાણાની લેતીદેતીમાં બેંગ્લોરના યુવકનું અપહરણ

**પેટલાદના હર્ષ પટેલ** સહિત ચાર સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.21

નડિયાદમાં કીડની હોસ્પિટલ સામે આવેલી હોટલ નજીકથી પાંચ લાખ રૂપિયાની નાણાકીય લેતીદેતીના મામલે બેંગ્લોરના એક યુવકનું ફિલ્મી ઢબે અપહરણ કરાયું હોવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે.

નડિયાદના ભુમેલ ગામની વતની અને હાલ ચકલાસીમાં રહેતી ૨૨ વર્ષીય મુસ્કાન દિવાન અને બેંગ્લોરના મોહંમદસાહીલ અસલમ શેખ વચ્ચે પ્રેમસંબંધ બંધાયા બાદ બંને પરિવારોની સંમતિથી લગ્ન નક્કી થયા હતા. મોહંમદસાહીલ છેલ્લા એક વર્ષથી ચકલાસીમાં મુસ્કાનના ઘરે જ રહેતો હતો. આ ઘટનાના દિવસે મોહંમદસાહીલ પૈસાની લેતીદેતી બાબતે વાત કરવા નડિયાદ કીડની હોસ્પિટલ સામે આવેલી હોટલ ખાતે આવ્યો હતો. સાંજના સમયે તે ત્યાં હાજર ન જણાતા મુસ્કાને સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. બાદ મુસ્કાન પર એક અજાણ્યા નંબર પરથી વીડિયો કોલ આવ્યો હતો, જેમાં ચાર શખ્સો મોહંમદસાહીલને કારમાં બેસાડી લઈ જતા દેખાયા હતા. વીડિયો કોલ કરનાર હર્ષ પટેલે ધમકી આપી હતી કે મોહંમદસાહીલે તેની પાસેથી લીધેલા 5 લાખ રૂપિયા પાછા ન આપતા તેનું અપહરણ કર્યું છે અને નાણાં ચૂકવ્યા બાદ જ તેને છોડવામાં આવશે.

આ અંગે હર્ષ પટેલે મુસ્કાનને અમદાવાદ અથવા પેટલાદ બોલાવી માત્ર નાણાંની જ માંગણી ચાલુ રાખી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મુખ્ય આરોપી હર્ષ પટેલ પેટલાદનો રહેવાસી હોવાનું બહાર આવ્યું છે. નડિયાદ ટાઉન પોલીસે હર્ષ પટેલ સહિત ચાર શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

### સભ્યોની શહેર ભાજપ પ્રમુખને રજૂઆત | 'અમારી સહી વગર કોન્ટ્રાક્ટરોના પેમેન્ટ ન થવા જોઈએ'

# ઉમરેઠ પાલિકામાં ભાજપે સત્તાના સૂત્રો સંભાળતા જ આંતરિક ગરમાવો

**પાંચ મુસ્લિમ સભ્યોએ** પાવરફુલ હોદ્દાની માંગ કરતા આંતરિક ખટપટ શરૂ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.21

ઉમરેઠ નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીએ પૂર્ણ બહુમતી સાથે સત્તાના સિંહાસન પર આરૂઢ થયાને હજુ ૨૪ કલાક પણ નથી થયા, ત્યાં જ પક્ષમાં આંતરિક ખેંચતાણ અને સત્તાની વહેંચણી મુદ્દે ગણગણાટ શરૂ થયો છે. ૧૯મી મેના રોજ પ્રમુખ-ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોની બિનહરીફ વરણી બાદ, બીજા જ દિવસે ભાજપના પાંચ ચૂંટાયેલા મુસ્લિમ સભ્યોએ પક્ષમાં મહત્વની જવાબદારી સોંપવા માટે શહેર ભાજપ પ્રમુખ હાર્દિકભાઈ પટેલને પત્ર લખતા રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે.

આ પાંચ સભ્યોની સૌથી મહત્વની અને ચોંકાવનારી માંગ એ છે કે, કોન્ટ્રાક્ટર કે અન્ય કોઈ પણ નાણાકીય ચુકવણી તેમની સહી વગર ન થાય તેવા વિભાગની જવાબદારી તેમને સોંપવામાં આવે. ખાસ કરીને બાંધકામ વિભાગ, UDP-88 અને ૧૫માં નાણાપંચ સંબંધિત કામો અથવા તો સેનેટરી વિભાગ હેઠળના ડોર ટુ ડોર કચરા કલેક્શન અને સફાઈ કામગીરીના કોન્ટ્રાક્ટમાં દેખરેખ રાખી શકાય તેવા હોદ્દાની માંગ કરવામાં આવી છે.

આ રજૂઆત કરનાર સભ્યોમાં રિજવાનાબાનું શેખ, આરીફ કારીગર, જીશાન ગાંચી વ્હોરા, પરવીનબાનું ચૌહાણ અને અફરોજબાનું મલેકનો સમાવેશ થાય છે. આ સભ્યોએ દલીલ કરી છે કે તેઓ વર્ષોથી ભાજપની વિચારધારા સાથે જોડાયેલા છે અને લઘુમતી સમાજમાં પક્ષ પ્રત્યે વિશ્વાસ જળવાઈ રહે તથા વહીવટમાં પારદર્શિતા આવે તે માટે આ જવાબદારી જરૂરી છે. જોકે, રાજકીય વિશ્લેષકો આ માંગણીને વહીવટી પારદર્શિતા કરતા નગરપાલિકાના આર્થિક વહીવટમાં સીધો હસ્તક્ષેપ મેળવવાના પ્રયાસ તરીકે જોઈ રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે, શહેર ભાજપ સંગઠન આ પાંચ સભ્યોની 'સહીની સત્તા'ની માંગ સામે ઝુકે છે કે પછી પક્ષમાં શિસ્ત જાળવી રાખવા અન્ય કોઈ રસ્તો અપનાવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમરેઠ નગરપાલિકામાં ભાજપની સ્પષ્ટ બહુમતી આવ્યાં બાદ પ્રમુખ - ઉપપ્રમુખની ચૂંટણી સંપન્ન થઈ હતી. પરંતુ હવે સમિતિની વહેંચણીમાં ખટપટ શરૂ થઈ છે.


